### છોટાઉદેપુર જિલ્લાના પાઠણેજ ગામમાં પ્રભારી મંત્રી પર લોકો વિફર્યા

# રાજ્યમંત્રી મનીષા વકીલને ગ્રામજનોએ ઘેર્યા



(પ્રતિનિધિ) વડોદરા, તા.17
વર્ષોથી લંબાયેલા પ્રશ્નોને લઈને પાઠણેજ ગામમાં ઉગ્ર રોષ "ગામ જૂનું છે, નિકાલ ક્યારે?" કહી મહિલાઓએ રસ્તા મુદ્દે કર્યો વિરોધ વડોદરા – સ્થાનિક સ્વરાજની ચૂંટણીની પૃષ્ઠભૂમિ વચ્ચે છોટાઉદેપુર જિલ્લાના પાઠણેજ ગામમાં પ્રભારી મંત્રી મનીષાબેન વકીલને ગ્રામજનોએ વર્ષોથી લંબાયેલા પાયાના પ્રશ્નોને લઈને ઘેરી લીધા હોવાનો બનાવ સામે આવ્યો છે. ગામના વિકાસ સંબંધિત મુદ્દાઓ અંગે યોગ્ય નિરાકરણ ન મળતાં ગ્રામજનોમાં ભારે અસંતોષ જોવા મળ્યો હતો. માહિતી મુજબ, પ્રભારી મંત્રી ગામની મુલાકાતે પહોંચ્યા ત્યારે ગ્રામજનોએ રસ્તા, પીવાના પાણી અને અન્ય મૂળભૂત સુવિધાઓ અંગે પ્રશ્નો ઉઠાવ્યા હતા. ખાસ કરીને ગામમાં વર્ષોથી રસ્તાની સમસ્યા યથાવત હોવાને કારણે લોકોમાં રોષ ફાટી નીકળ્યો હતો. મહિલાઓએ "ગામ જૂનું છે, નિકાલ ક્યારે આવશે?" જેવા પ્રશ્નો પૂછતા મંત્રીને સીધી રજૂઆત કરી હતી. સ્થળ પર હાજર મહિલાઓએ જણાવ્યું હતું કે વરસાદી ઋતુ દરમિયાન ગામના રસ્તાઓની સ્થિતિ અત્યંત ખરાબ બની જાય છે, જેના કારણે અવરજવર મુશ્કેલ બની રહે છે. રેશન સહિતની મૂળભૂત સુવિધાઓ મેળવવામાં પણ મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. આ મુદ્દાઓના તાત્કાલિક ઉકેલ માટે તેમણે મંત્રી સમક્ષ માંગણી કરી હતી. ગ્રામજનોના પ્રશ્નોને સાંભળ્યા બાદ પ્રભારી મંત્રીએ સંબંધિત અધિકારીઓને સમસ્યાઓના યોગ્ય નિરાકરણ માટે સૂચનાઓ આપવાની ખાતરી આપી હતી. ઘટનાને લઈને સ્થાનિક વિસ્તારમાં ચર્ચા જાગી છે અને વિકાસના પ્રશ્નો ફરી કેન્દ્રસ્થાને આવ્યા છે.

### વીજળીના અભાવે ઓનલાઇન કામગીરી ખોરવાઈ

# મોટીબેજ સહિત 7 ગામોમાં MGVCL દ્વારા વીજ કાપ

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.17
છોટાઉદેપુર જિલ્લાના જેતપુરપાવી તાલુકાના મોટીબેજ આસપાસના ગામડા ઓમાં વીજ પુરવઠો તેજગઢ ડિવિઝન અને જેતપુરપાવી ફીડર માંથી વીજ પુરવઠો પૂરો પાડવામાં આવે જેતપુરપાવી તાલુકાના મોટીબેજ નાની બેજ રાયપુર ગંભીરપુરા ઘૂંટીયા રાયપુર. ઘુમુન ફળિયા કુસુમ પાણી સહિત સાત ગામોને વીજ પુરવઠો ખોરવાતા અસહ્ય ગરમી નો સામનો કરવાનો વારો આવ્યો હતો.

જેતપુરપાવીના મોટીબેજ ગ્રામ પંચાયત માં પણ આવતા લાભાર્થીઓને પણ ધર્મના ધક્કો ખાવાનો વારો આવ્યો હતો શુક્રવાર અને મંગળવારે તલાટી કમ મંત્રી પંચાયત ખાતે અરજદારો તેમજ લાભાર્થીઓના કામ અર્થે આમ બે દિવસ આવતા હોવાથી અરજદારો તેમજ લાભાર્થીઓનો ઘસારો જોવા મળતો હોય છે. સરકારી કચેરી ના કામકાજના દિવસે જ તેજગઢ ડિવિઝન માંથી કોઈપણ સૂચના કર્યા વગર કાળઝાળ ગરમીમાં સવારે 10 વાગ્યાથી વિજ પુરવઠો બંધ કરાયેલો વીજ પુરવઠો સાંજે ચાર વાગ્યા સુધી પણ વીજ પુરવઠો બંધ રહેતા આખરે તલાટી કમ મંત્રી પણ ઓફિસ બંધ કરી રવાના થઈ ગયા હતા ત્યારે સરકારી કામકાજ ઓનલાઇન પ્રક્રિયાથી થતી હોવાથી વીજ પુરવઠો અંત્યંત જરૂરી બની જાય છે.

ગ્રામ પંચાયતના તલાટી માંડ મંગળવારે અને શુક્રવારે જ લાભાર્થી અને અરજુદારોને સરકારી લાભ તેમજ પંચાયત માં આધાર સેન્ટર ખેડૂતોને 7 12 8અ જન્મ મરણના દાખલા વિધવા સહાય વિદ્યાર્થીઓ શિષ્યવૃત્તિને અર્થે તેમજ સરકારની વિવિધ યોજનાઓ ઓનલાઇન પ્રક્રિયાથી થતી હોવાથી પંચાયત માં અરજદારો આવ્યા તો ખરા પરંતુ વિલા મોઢે પરત ફરવાનો વારો આવ્યો હતો સાથે સસ્તા અનાજ ની દુકાન પણ સરકાર ની સૂચના અનુસાર કુપન થકી અનાજ વિતરણ ને લઈને લાભાર્થીઓને પણ વીજ પુરવઠા ને લઈ કડવો અનુભવ થયો હતો.

# શિનોર હની ટ્રેપ કેસ: પાંચમો આરોપી શૈલેષ વસાવા ઝબ્બે

**રિમાન્ડ** દરમિયાન રૂા.10 લાખનો મુદ્દામાલ રિકવર

(પ્રતિનિધિ) શિનોર, તા.17
શિનોર પોલીસ મથકે નોંધાયેલ ચકચારી હની ટ્રેપ જેવા ગુનાના પાંચમા આરોપી શૈલેશ વસાવાને પોલીસે રિમાન્ડ દરમિયાન મુદ્દામાલ અને રોકડ સહીત 10 લાખ રીકવર કરેલ છે.

શિનોર પોલીસ મથકે તારીખ 6 ફેબ્રુઆરી 2026 ના રોજ શિનોરના ફરિયાદી હરેશ રણછોડ પટેલે 9 આરોપીઓ સામે રૂપિયા 75,75,550 બ્લેકમેલિંગ કરી લઈ ગયા ની ફરિયાદ કરી હતી. જેની તપાસ ઈન્ચાર્જ પી.આઈ. ડી.આર. ભાદરકા કરી રહ્યા હતા.તથા બે આરોપી અનવર મન્સૂરી અને સલીમ ઉર્ફે બતક ની ધરપકડ કરી રિમાન્ડ દરમિયાન 4,18,000 નો મુદ્દામાલ કબજે કર્યો હતો.પછી આરોપી આશિક સિકંદર પઠાણ જેના હાથે આ તમામ રૂપિયા અપાયા હતા તેની ધરપકડ કરી રિમાન્ડ દરમિયાન 14 લાખનો રોકડ સહિત મુદ્દા માલ કબજે કર્યો હતો. રિમાન્ડ દરમિયાન ખુલેલા ચોથા આરોપી આશિક પઠાણનો પુત્ર અશફાક પઠાણને નાણાં ગૂગલ પે થી આપેલા તેના રિમાન્ડ પુરા થતાં જામીન પર મુક્ત થયેલ હતો. આશિકના ભાઈ અહેમદને બેંકમાંથી ફરિયાદીએ 8,00,000 આપેલા તે તથા માલસર માંડવા વચ્ચે આવેલ મહારાજ નું મકાન ગુનામાં સામેલ હોય તે મહારાજ, ઉપરાંત એક લંગડો વ્યક્તિ અને



ચાર્જ લીધો. એ દરમિયાન તપાસમાં ખુલેલ મુખ્ય આરોપી શૈલેષ વસાવા જેને કરજણ સેસન્સ કોર્ટમાં આગોતરા જામીન માટે અરજી કરેલ, જે નામંજૂર થતાં LCB પોલીસે તેને ઝડપી શિનોર પોલીસને સોંપેલ છે. શિનોર પોલીસે શૈલેષ વસાવાને નામદાર કોર્ટ સમક્ષ રજુ કરીને રિમાન્ડની માંગણી કરતાં તારીખ 15 એપ્રિલ સુધી રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યા.

### પોલીસે ગણતરીના કલાકોમાં પકડ્યો

# બોડકામાં કિશોરની હત્યા કરનાર આરોપી ઝડપાયો

(પ્રતિનિધિ) કરજણ, તા.17
કરજણ તાલુકાના બોડકા ગામમાં 15 વર્ષીય કિશોર હર્ષદ રાઠોડિયાની થયેલી નિર્મમ હત્યાના કેસમાં પોલીસે ઝડપી કાર્યવાહી કરી મુખ્ય આરોપી હેમેન્દ્રસિંહ ડોડીયાને ગણતરીના કલાકોમાં જ ઝડપી પાડી લીધો છે. પોલીસે પ્રાથમિક તપાસમાં ખુલાસો કર્યો છે કે એક્ટિવા અડી જવાની નાની બાબતે થયેલા ઝગડાની રંજિશ રાખી આ હત્યા કરવામાં આવી હતી. માહિતી મુજબ, થોડા દિવસ અગાઉ હર્ષદ રાઠોડિયા અને આરોપી હેમેન્દ્રસિંહ ડોડીયા વચ્ચે એક્ટિવા અડી જવાના મુદ્દે બોલાચાલી થઈ હતી. આ બાબતને લઈને આરોપી મનમાં રંજિશ રાખીને બેઠો હતો. બાદમાં ગુસ્સામાં આવી આરોપીએ હર્ષદનું ગળું દબાવી દીધું હતું, જેના કારણે તે બેભાન થઈ ગયો હતો. હર્ષદનું મોત થઈ ગયું હોવાનું માની આરોપીએ પુરાવા છુપાવવાના ઈરાદે તેને એક્ટિવા પર બેસાડી ગામની સીમ વિસ્તારમાં લઈ જઈ કોઈતા વડે ગળું કાપી નિર્મમ હત્યા કરી હતી. ઘટનાને અકસ્માત કે અન્ય રીતે રજૂ કરવાની કોશિશરૂપે આરોપીએ એક્ટિવા નવાબજાર વિસ્તારમાં મૂકી ફરાર થઈ ગયો હતો. પરિવારજનો દ્વારા પોલીસમાં ફરિયાદ નોંધાતા પોલીસે તાત્કાલિક તપાસ હાથ ધરી હતી.

### ડાયવર્ઝન કે બોર્ડ વગર જ હાઈવે પર ખડકાયો મોતનો સામાન

# નસવાડી-જબુગામ ફોરલેન કામગીરીમાં મોટી બેદરકારી

(પ્રતિનિધિ) નસવાડી, તા.17
નસવાડી થી જબુગામ સુધી ફોર લેન રોડ બનાવવાની કામગીરી માં કુંડીયા ગામ પાસે ઢાળ પાસે હાઈવે ઉપર નાળુ ના બનાવવાનું હોવા છતાં બોક્ષ કન્વર્ટર ના તૈયાર ફર્મા કોન્ટ્રાક્ટરે રોડ ઉપર મૂકી રાખ્યા છે અને કોઈ પણ બોર્ડ કામ ચાલુ ના મારવામાં આવ્યા નથી ત્યારે નેશનલ હાઈવે 56 વિભાગ ના અધિકારીઓ કાળજી રાખે તે જરૂરી બન્યું છે.

નેશનલ હાઈવે 56 વિભાગ દ્વારા નસવાડી તાલુકાના ધામસિયા થી જબુગામ સુધી ફોર લેન રસ્તો બનાવવા માટેની કામગીરી પૂર



જોશ માં ચાલે છે રોડ ની સાઈડ માં માટી પુરાણ અને જ્યાં જ્યાં પુલ અને નાળા બનાવવાના છે ત્યાં કામગીરી કરવામાં આવી રહી છે જ્યારે નેશનલ હાઈવે 56 ભારદારી વાહનો થી ધમધમે છે ત્યારે માટી પુરાણ થયેલા રોડ ઉપર નાળુ બનાવવા માટે આવતા તૈયાર બોક્ષ કન્વર્ટર ના તૈયાર ફર્મા રોડ ઉપર મૂકવામાં આવેલ છે આ બોક્ષ કન્વર્ટર રાત્રિ ના સમયે દેખાતા નથી જ્યારે કામગીરી ચાલુ હોય ત્યારે 200 200 મીટર ના અંતરે રાત્રિ ના સમયે લાઈટિંગ અને રેડિયમ પટ્ટી વાળા બોર્ડ મારવાનો નિયમ છે કુંડીયા ગામ પાસે ઢાળ ની નીચે બોક્ષ કન્વર્ટર ના તૈયાર ફર્મા છેલ્લા કેટલાક દિવસો થી રોડ ઉપર મૂકવામાં આવેલા છે તે જગ્યા ઉપર બોક્ષ કન્વર્ટર નું નાનો પુલ બનાવવાની કોઈ યોજના નથી ત્યારે રોડ ની બંનેવ સાઈડ માટી પૂરી દીધેલ છે ત્યારે વાહન ચાલકો માટે આ બોક્ષ કન્વર્ટર ના તૈયાર ફર્મા જોખમી છે તેને સાઈડ ઉપર કરવા જોઈએ વાહન ચાલકો ને કોઈ અકસ્માત ના થાય તેના માટે અધિકારીઓએ કાળજી લેવી જોઈએ.

## સારંગપુર ગામની સીમમાં ગળું કાપી વ્યક્તિની નિર્દય હત્યા

(પ્રતિનિધિ) અંકલેશ્વર તા.17
અંકલેશ્વર તાલુકાના સારંગપુર ગામની સીમમાં ગળું કાપી એક વ્યક્તિની નિર્દય હત્યા કરાયાની ચકચાર મચાવતી ઘટના સામે આવી છે. તીક્ષ્ણ હથિયાર વડે 43 વર્ષીય વ્યક્તિની કરપીણ હત્યા થતા વિસ્તારમાં ભયનો માહોલ સર્જાયો છે. અંકલેશ્વરના સારંગપુર ગામની સીમ વિસ્તારમાં 43 વર્ષીય મુન્ના લક્ષ્મણ પાલની અજાણ્યા શખ્સો દ્વારા તીક્ષ્ણ હથિયાર વડે ગળું કાપી હત્યા કરવામાં આવી હોવાનુ સામે આવ્યુ છે.ઘટનાની જાણ થતા જ ડીવાયએસપી, અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ, એલસીબી તેમજ ફોરેન્સિક અને ડોગ સ્કોવોર્ડની ટીમો તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી હતી અને સ્થળનું વૈજ્ઞાનિક રીતે નિરીક્ષણ હાથ ધરાયુ હતુ. પોલીસે મૃતદેહનો કબજો લઈ પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો છે.

# ડભોઈનો વિદ્યાર્થી CBSC બોર્ડની પરીક્ષામાં પ્રથમક્રમે

**CBSC** બોર્ડ પરીક્ષામાં 96.8 ટકા ગુણ મેળવ્યા

(પ્રતિનિધિ) ડભોઈ, તા.17
ડભોઈના એવલોન વર્લ્ડ સ્કૂલના ધોરણ 10ના વિદ્યાર્થી વંશ રાધેશ્યામ ત્રિવેદીએ સી.બી. એસ.સી બોર્ડ પરીક્ષામાં 96.8 ટકા ગુણ મેળવી ડભોઇ કેન્દ્રમાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો છે. વંશે આ ઉત્કૃષ્ટ સફળતા મેળવી શાળા તથા પરિવારનું નામ ગૌરવભેર ઉજ્જવળ બનાવ્યું છે. વંશની આ સિદ્ધિથી એવલોન વર્લ્ડ સ્કૂલમાં આનંદ અને ગૌરવનો માહોલ જોવા મળ્યો હતો. શાળાના શિક્ષકો અને સંચાલકોએ વંશને અભિનંદન પાઠવી તેના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી. વંશની મહેનત, નિયમિત



અભ્યાસ અને પરિવારના સહકારથી આ સફળતા શક્ય બની હોવાનું શિક્ષકોએ જણાવ્યું હતું. પરિવારમાં પણ ખુશીનો માહોલ છવાયો હતો. પરિવારજનો, સગા-સંબંધીઓ અને મિત્રોએ વંશને અભિનંદન પાઠવી તેની સિદ્ધિને વધાવી લીધી હતી. વંશે પોતાની સફળતાનો શ્રેય માતા-પિતા, શિક્ષકો અને સતત મહેનતને આપ્યો હતો. ડભોઇ શહેર માટે ગૌરવ સમાન આ સિદ્ધિ અન્ય વિદ્યાર્થીઓ માટે પણ પ્રેરણારૂપ બની છે.

# બોડેલીમાં વહીવટી તંત્ર દ્વારા EVM ડેમો સાથે તૈયારીઓ

(પ્રતિનિધિ) બોડેલી, તા.17
બોડેલીમાં પ્રથમ વખત નગરપાલિકાની ચૂંટણી યોજાવા જઈ રહી છે, જેને લઈને વહીવટી તંત્ર દ્વારા તૈયારીઓ તેજ બનાવવામાં આવી છે. બોડેલી ખાતે મતદારોને EVM મશીન દ્વારા મતદાન કરવાની પદ્ધતિ સમજાવવા માટે ડેમો કાર્યક્રમો યોજાયો

છોટાઉદેપુર જિલ્લાના બોડેલીને પાંચ ગ્રામ પંચાયતોના એકત્રીકરણ બાદ નગરપાલિકાનો દરજ્જો મળ્યો છે અને હવે અહીં પ્રથમ વખત ચૂંટણી યોજાઈ રહી છે. ઉમેદવારી પ્રક્રિયા પૂર્ણ થઈ ચૂકી છે અને મતદાન માટે તૈયારીઓ અંતિમ તબક્કામાં છે.

નગરપાલિકા ચૂંટણીમાં



મતદાન કરવાની પદ્ધતિ અલગ હોવાને કારણે મતદારોમાં ગૂંચવણ ન રહે તે માટે વહીવટી તંત્ર દ્વારા EVM મશીન પર ડેમો બતાવી માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે.

આ નગરપાલિકામાં કુલ 7 વોર્ડમાંથી 28 સભ્યો માટે ચૂંટણી યોજાઈ રહી છે, જેમાં 63 ઉમેદવારો મેદાનમાં છે. જોકે, તેમાંના 6 ઉમેદવારો બિનહરીફ જાહેર થતા ચૂંટણી રસપ્રદ બની છે. આવતી 26 એપ્રિલે મતદાન યોજાનાર છે. તે પહેલા બોડેલીના વિવિધ વિસ્તારોમાં EVM ડેમો કાર્યક્રમો યોજાઈ રહ્યા છે, જેમાં મતદારોને મશીનનો ઉપયોગ અને મતદાન કરવાની પ્રક્રિયા અંગે પ્રાયોગિક સમજ આપવામાં આવી રહી છે.

ખાસ કરીને "રજીસ્ટર" બટન અંગે મતદારોને માહિતગાર કરવામાં આવી રહ્યા છે. મતદારે પોતાની પસંદગીના ઉમેદવારોના બટન દબાવ્યા બાદ અંતમાં રજીસ્ટર બટન દબાવવું ફરજિયાત છે, નહીં તો મત માન્ય ગણાશે નહીં. વહીવટી તંત્રનું માનવું છે કે આવા ડેમો કાર્યક્રમોથી મતદારોમાં વિશ્વાસ વધશે અને મતદાન ટકાવારીમાં પણ વધારો થશે.

### અધિકારીઓએ ઘરે-ઘરે જઈ મતદારોને જાગૃત કર્યા

# જેતપુરપાવીનાં ગામોમાં 100% મતદાનની અપીલ



(પ્રતિનિધિ) જેતપુરપાવી, તા.17
હાલ જિલ્લા પંચાયત અને ગ્રામ પંચાયતની 2026 ની સ્થાનિક સ્વરાજ્યની ચુંટણીઓની કામગીરીની પૂર જોશમાં ચાલી રહી છે ત્યારે લોકશાહીનું સાચું મહત્વ સમજી નાગરિકો પોતાના મતાધિકારનો યોગ્ય ઉપયોગ કરે તેવા ઉમદા આશયથી જેતપુરપાવી તાલુકાની સ્વીપ નોડલની કામગીરી કરી રહેલ પી. આર. વાઘેલા તેમજ પાવીજેતપુર મામલતદાર કચેરીના ના. મામલતદાર હરિતા પટેલના માર્ગદર્શન હેઠળ આજ રોજ તા.17/04/26 ને શુક્રવારના રોજ ઝાબ, દેગલા, સાલોજ ગામના જાગૃત નાગરિક તેમજ આગેવાનો આગળ રાખી વિવિધ ફળિયાઓમાં ગ્રામ સભા કરી તેમજ ઘરે ઘરે જઈ મતદારોને તેમના મતનું મહત્વ સમજાવી ખાસ કરીને આજનો યુવાન પોતાની મતદાર તરીકેની ભૂમિકા સમજે અને સાચી લોકશાહીના ભાગીદાર બને તેવી અપીલ કરી.

### જિલ્લા પંચાયતની ૬ અને તાલુકા પંચાયતની ૨૬ બેઠકો માટે રાજકીય માહોલ ગરમાયો !

# પાદરામાં ક્યાંક ત્રિપાંખિયો જંગ તો ક્યાંક સીધી ટક્કર

**જૂના** ખેલાડીઓનો અનુભવ અને યુવાનોનો જોશ; સોશિયલ મીડિયાથી લઈ ડોર-ટુ-ડોર પ્રચારમાં ઉમેદવારોએ જોર લગાવ્યું

(પ્રતિનિધિ) પાદરા, તા.17
સ્થાનિક સ્વરાજની આવનારી ચૂંટણીને લઈ પાદરા તાલુકામાં રાજકીય માહોલ દિવસેને દિવસે ગરમાતો જઈ રહ્યો છે. જીલ્લા પંચાયતની ૬ બેઠકો માટે યોજાનારી ચૂંટણીમાં ઉમેદવારીનો જંગ રસપ્રદ બન્યો છે. આ આંકડાઓ પરથી જ સ્પષ્ટ થાય છે કે કેટલાક વિસ્તારોમાં કટોકટીની ટક્કર અને કેટલાક વિસ્તારોમાં સીધી લડત જોવા મળશે.

આ ચૂંટણીમાં માત્ર પક્ષીય લડત જ નહીં પરંતુ જ્ઞાતિ આધારિત સમીકરણો પણ નિર્ણાયક ભૂમિકા ભજવતા નજરે પડી રહ્યા છે. અલગ-અલગ વિસ્તારોમાં પટેલ, ઠાકોર, દલિત, ક્ષત્રિય, મુસ્લિમ અને અન્ય સમાજના મતદારોની સંખ્યા ધ્યાનમાં રાખીને ઉમેદવારો દ્વારા ગણિત ગોઠવવામાં આવી રહ્યું છે. જેના કારણે કેટલાક વિસ્તારોમાં "માયક્રો મેનેજમેન્ટ" સાથે મત એકીકરણના પ્રયાસો તેજ બન્યા છે.

રાજકીય સૂત્રોના જણાવ્યા મુજબ, મતદારોને લલચાવવા માટે ઉમેદવારો દ્વારા વિવિધ વચનો, વિકાસના દાવા, તેમજ જ્ઞાતિ આધારિત સમીકરણોને



અનુરૂપ વ્યૂહરચનાઓ અપનાવવામાં આવી રહી છે. કેટલાક વિસ્તારોમાં ત્રિકોણીય જંગ તો કેટલાકમાં સીધી ટક્કર થવાની સંભાવના છે, જેના કારણે ચૂંટણીનું રંગ વધુ જામતું નજરે પડે છે.

તેવી જ રીતે પાદરા તાલુકા પંચાયતની ૨૬ બેઠકો માટે પણ કેટલાક ગામોમાં જોરદાર સ્પર્ધા જોવા મળી રહી છે, ખાસ કરીને જ્યાં ઉમેદવારોની સંખ્યા વધુ છે ત્યાં મતવિભાજનનો સીધો લાભ કોઈ એક પક્ષને મળી શકે તેવી ચર્ચાઓ તેજ બની છે.

આ વખતે ચૂંટણીમાં યુવાનોનો ઉત્સાહ, જૂના રાજકીય ખેલાડીઓનો અનુભવ અને જ્ઞાતિ આધારિત મતબેંકનું ગણિત - ત્રણેય તત્વો સાથે મળીને ચૂંટણીને વધુ રોમાંચક બનાવી રહ્યા છે. ભળતા નિવેદનો, સોશિયલ મીડિયામાં ચાલી રહેલી જંગી કેમ્પેઈન અને ડોર-ટુ-ડોર સંપર્કથી ચૂંટણીનો રંગ દિવસેને દિવસે ગાઢ બની રહ્યો છે.

મતદારો માટે આ ચૂંટણી માત્ર પ્રતિનિધિ પસંદ કરવાની પ્રક્રિયા નથી, પરંતુ સ્થાનિક વિકાસ, સુવિધાઓ અને ભવિષ્યની દિશા નક્કી કરનાર મહત્વપૂર્ણ ક્ષણ બની રહી છે. હવે જોવાનું રહ્યું કે આ રાજકીય જંગમાં કોણ બાજી મારી અંતિમ વિજય મેળવશે.

# સાગબારામાં LCBનું નાકું: વિદેશી દારૂ જપ્ત કરાયો, એકની ધરપકડ

(પ્રતિનિધિ) સાગબારા, તા. 17
સાગબારા વિસ્તારમાં નર્મદા (LCB) એ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ વચ્ચે સરહદી વિસ્તારમાં વિદેશી દારૂનો જથ્થો પકડી પાડ્યો છે.LCB ટીમે ગોડદા ગામના ત્રણ રસ્તા પાસેથી નંબર પ્લેટ વગરની એક્ટિવા પર વિદેશી દારૂ લઈ જઈ રહેલા બુટલેગરને ઝડપી પાડ્યો છે. કબજે કરાયેલા દારૂ, એક્ટિવા અને અન્ય સામાનની કિંમત રૂ. 1,47,456 જેટલી છે.

નર્મદા જિલ્લો ગુજરાત-મહારાષ્ટ્ર સરહદ પર આવેલો હોવાથી ગેરકાયદે વિદેશી દારૂ ઘુસાડવાનો ખુલ્લો દરવાજો હોય એમ માનવામાં આવે છે. રાજ્યમાં ચાલી રહેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓને ધ્યાને રાખીને



તંત્ર સતર્ક બન્યું છે. પોલીસ ઈન્સ્પેક્ટર આર.જી. ચૌધરી, LCB, નર્મદાના માર્ગદર્શન હેઠળ LCB ટીમ સાગબારા વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહી હતી.

પેટ્રોલિંગ દરમિયાન ટીમને ચોક્કસ બાતમી મળી કે દેવમોગરાનો નરેશ ફુલસિંગ વસાવા ખડકાપાણી (મહારાષ્ટ્ર) તરફથી નંબર પ્લેટ વગરની એક્ટિવામાં દારૂ ભરીને આવી રહ્યો છે. આ બાતમીના આધારે ગોડદા ગામના ત્રણ રસ્તા પર નાકાબંધી ગોઠવવામાં આવી. પોલીસે શંકાસ્પદ એક્ટિવાને ઘેરીને તપાસ કરતા તેના આગળ અને પાછળ મૂકેલા બે મોટા કોથળામાંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂ મળી આવ્યો હતો. LCBએ આરોપી વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.